રજુ તારીખ:–    ૦૫–૦૬–૦૭
દાખલ તારીખ– ૦૫–૦૬–૦૭
ફેંસલ તારીખ:   ૦૫–૦૫–૧૮
અવધિ : ૧૦ વર્ષ ૧૧ માસ ૦૦ દિવસ

# અમદાવાદના મે.એડી.ચીફ મેટ્રો. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૦ સમક્ષ.

ફો.કેસ નં. ૬૩૭/૦૭

આંક :

ફરિયાદી................. શ્રી સરકાર

વિરુઘ્ઘ

આરોપી.................. લાલાભાઈ મફાભાઈ રબારી ઉ.વ.૨૯
રહે. મ.નં.૨૩૨,રબારી કોલોની,
ઓઢવ,અમદાવાદ

ગુન્હો:– ઈ.પી.કો.કલમ ૨૯૪ (ખ),૫૦૬(૨), મુજબ.

ફરિયાદપક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.પરમાર

બચાવપક્ષ તરફે :– વિ.વકીલશ્રી આર.એસ.રાઠોડ

## –: ચુ કા દો :–

(૧) ફરિયાદ પક્ષના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૮–૫–૦૭ ના કલાક ૧–૦૦ વાગે ફરીયાદીના ઘર આગળ આવી ફરીયાદી બેનને જણાવેલ કે કેમ

તારો પતિ મારા વિરૂધ્ધમાં કેમ ફેકસ કરે છે ફેકસ પાછો ખેંચી લેવાનું જણાવી દઈ તેમ કહી બિભત્સ ગાળો બોલી ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોઈ, આ અંગેની ફરીયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુના રજી.નં. ૩૧૬૦/૦૭ થી ઈ.પી.કો. કલમ ૨૯૪ (ખ), ૫૦૬(૨) મુજબની ફરીયાદ નોધાવતા તે ફરીયાદ ના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરતા જે ઉપરોકત નંબરેથી રજીસ્ટરે નોધવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી સામેના ઉપરોકત ગુન્હા નું સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરતા અને તેની બજવણી થતા આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ અન્વયે તમામ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામા આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૩ થી આરોપી સામે ત્હોમતનામું ફરમાવી આંક–૪ થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા આરોપી સામેના આક્ષેપીત ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામા આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો શરુ થતા પહેલા પક્ષકારોએ હાજર થઈ આંક–૫ થી સમાધાન પુરશીશ રજુ કરેલ છે અને તે બાબતે તેઓને વાંચી સંભળાવી સમજાવતા તેઓએ સ્વેચ્છાએ કબુલેલ છે અને તેમાંની સહીઓ કોર્ટ રુબરુ ઓળખી બતાવતા તે લગત હુકમ કરી આરોપીઓને તેમની સામેના ગુનાઓ પૈકી ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) મુજબના ગુનામાંથી સી.આર.પી.સી.ની કલમ ૩૨૦ (૮) અન્વયે છોડી મુકવામા આવેલ અને બાકીના બીનસમાધાનપાત્ર ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામા આવે છે.

(૪) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાઓ ::**

૧. આંક–૬ ફરી.પક્ષે સાહેદ નં. ૧ ફરીયાદી ભાવનાબેન શૈલેષભાઈ પરમારની જુબાની.

**ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::**

૧. આંક–૭ ફરીયાદીની ફરીયાદ.

આ કામે આરોપીઓ તરફેના વિ.વકીલશ્રીએ કેટલાક દસ્તાવેજી પુરાવાઓને આંકે પાડવા સંમતી આપતા અને તે મતલબનો શેરો કરી આપતા ફરીયાદપક્ષે આંક ૮ થી પંચનામુ રજુ કરેલ છે. ત્યારબાદ પક્ષકારોએ તેઓને સુખદ સમાધાન થયેલ હોઈ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી કે વધુ પુરાવા રજુ કરી સાહેદો તપાસવા માંગતા નથી તેવા મતલબની પુરાવા બંધની પુરશીશ આંક–૯ થી રજુ કરેલ છે. જે કામમા સામેલ રાખેલ છે અને આ કારણોસર ફરીયાદપક્ષે વિશેષ કોઈ સાહેદોને આ કામે તપાસવામા આવેલા નથી.

(૫) આ કામે રજુ પુરાવો વંચાણે લેતાં આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી.

(૬) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી ની દલીલ સાંભળવામાં આવી.

(૭) ઉપરોકત કેસની હકિકત,સંજોગો અને રજુ કરવામાં આવેલા પુરાવાને ઘ્યાને લેતા મારી સમક્ષ આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબ ના મુદા ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

: ૧ : શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૮–૫–૦૭ ના કલાક ૧–૦૦ વાગે ફરીયાદીના ઘર આગળ આવી ફરીયાદી બેનને જણાવેલ કે કેમ તારો પતિ મારા વિરૂધ્ધમાં કેમ ફેકસ કરે છે ફેકસ પાછો ખેંચી લેવાનું જણાવી દઈ તેમ કહી બિભત્સ ગાળો બોલી ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોઈ, ઈ.પી.કો. કલમ ર૯૪ (ખ) મુજબનો શીક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

: ર : શું હુ ક મ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

: ૧ : નકારમાં.

: ર : આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયોના મારા વિગતવારના કારણો નીચે મુજબના છે.

**'' કા ર ણો ''**

(૧૦) આરોપીઓ સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ સામેના ગુન્હાની હકિકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હા ની હકિકત સાબિત કરવાનો પુરાવા નો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

(૧૧) **મુદ્દા નં. ૧ તથા ર ::–**

ફરીયાદપક્ષે આંક ૬ થી ફરીયાદી ભાવનાબેન શૈલેષભાઈ પરમારને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની ધ્યાને લેતાં બનાવ ર૦૦૭ ના વર્ષમાં તેઓના ઘર પાસે રાત્રીના ૧–૦૦ વાગ્યાની આસપાસ બનેલો પોતે ઘરના ઓટલા પર બહાર ખાટલા ઉપર સુતા હતા ત્યારે આ કામના આરોપી ત્યાં આવીને જણાવેલ કે તારા પતિએ મારા વિરૂધ્ધ પોલીસમાં ફેકસ કરેલા છે તે પાછા ખેંચી લે જે બાબતને

લઈને બોલાચાલી તથા તકરાર થયેલ અને તે બાબતે ફરીયાદીએ પોલીસ ફરીયાદ આપેલી. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે મને કોઈ ગાળો આપેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૧૨) આમ, આ કામે ફરીયાદીની આંક ૭ ની પોલીસ ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો બનાવ સમયે આ કામના આરોપી ધ્વારા બિભત્સ ગાળો આપવાનું તથા ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપેલાનું જણાવેલ છે . પરંતુ ખુદ ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સમયે આરોપીએ ગાળો બોલેલ હોવાનું કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી. ફરીયાદીની જુબાની ધ્વારા માત્ર એટલી જ હકીકત રેકર્ડ પર આવેલ છે કે ફરીયાદીના પતિએ આરોપી સામે જે ફેકસ કરેલ તે બાબતે સામાન્ય તકરાર થયેલ. આમ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધનો ઈ.પી.કો.ક. ૨૯૪(ખ) મુજબનો ગુનો પુરવાર થઈ શકેલ નથી.

(૧૩) આમ, સમગ્ર હકીકતે રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદપક્ષેના તમામ મૌખિક પુરાવાની ઉપરોકત કરેલ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ પડેલ પુરાવાના આધારે આરોપી સામેનો આક્ષેપ શંકારહીત પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નીવડેલા હોઈ અને પડેલ પુરાવાના આધારે આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામા તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી સદર મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમા આપી મુદ્દા નં. ૨ સંબંધેનો આખરી હુકમ ન્યાયના હીતમા નીચે મુજબનો કરવામા આવે છે.

**-: આખરી હુકમ :-**

(અ) આ કામના આરોપી લાલાભાઈ મફાભાઈ રબારીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ ૨૯૪ (ખ) મુજબના શીક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે. તેમજ આરોપીને તેમની વિરુધ્ધના ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) મુજબના ગુના માટે સી.આર.પી.સી.ની કલમ ૩૨૦ (૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(બ) આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ: ૪૩૭(એ) મુજબ રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) પુરાના જામીન આપવા અન્યથા આરોપીએ આપેલ અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૦૫ માહે મે સને ૨૦૧૮ ના રોજ હુકમ ખુલ્લી કોર્ટમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૦૫-૦૫-૨૦૧૮
મુકામ: અમદાવાદ

**(હરીશકુમાર નવિનચંદ્ર રામાવત)**
**એડિશનલ ચીફ મેટોપોલીટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૦,અમદાવાદ**
UNIQUE CODE GJ00822

C.D.LAKHANI P.A.